Extra No. 199

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JUNE 5, 2025 / JYAISTHA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**ના તારીખઃ **૧૬મી જાન્યુઆરી, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીઆર-૨૦૨૫-૦૫-એલઈડી/એમટીઈ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૩/૦૩૭૩/એમ.૧-સેક્શન**-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to The Deputy Commissioner of Labour, Class I, Recruitment Rules, 2025

નાયબ શ્રમ આયુક્ત, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સુધારવા સંબંધી

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીઆર-૨૦૨૫-૦૫-એલઈડી/એમટીઈ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૩/૦૩૭૩/એમ.૧-સેકશન:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નાયબ શ્રમ આયુક્ત, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો નાયબ શ્રમ આયુક્ત, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. નાયબ શ્રમ આયુક્ત, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨-માં, ખંડ (ક) (૩) હેઠળના પરિચ્છેદમાં, "બઢતી માટે યોગ્ય જણાતી" એ શબ્દો પહેલા "વિચારણાના ક્ષેત્રની અંદર" એ શબ્દો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩ માં,-

(૧) ખંડ (ક) માં, "૩૯ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ." એ શબ્દો અને આંકડાને બદલે, "૪૪ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ."એ શબ્દો અને આંકડા મૂકવા.

(૨) ખંડ (ક) ના વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

"વધુમાં, ઉપર ઠરાવેલ વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત છે ત્યાં સુધી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ.".

(૩) ખંડ (ખ) માં,

(૧) પેટા-ખંડ (૧) ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:- "(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;". અને

(૨) પેટા-ખંડ (૨) ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો,- "(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી સામાજિક કાર્ય અથવા શ્રમ કલ્યાણમાં મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;".

(૪) ખંડ (ઘ) માં,

(૧) પેટા-ખંડ (૨) ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૨) સરકારી વિભાગ અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં, શ્રમિકોની સમસ્યા અથવા શ્રમિકોની તકરારની પતાવટ અથવા શ્રમિક કલ્યાણ અથવા ઔદ્યોગિક સંબંધના ક્ષેત્રમાં, સદરહુ સંસ્થામાં શ્રમ અધિકારી અથવા કલ્યાણ અધિકારી અથવા ઔદ્યોગિક સંબંધ અધિકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે સાત વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) પેટા-ખંડ (૩) ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૩) ભારતમાં કાયદાથી સ્થાપિત લિમિટેડ કંપની અથવા કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ રજિસ્ટર થયેલ હોય તેવી ઔદ્યોગિક સંસ્થામાં, શ્રમિકોની સમસ્યા અથવા શ્રમિકોની તકરારની પતાવટ અથવા શ્રમિક કલ્યાણ અથવા ઔદ્યોગિક સંબંધના ક્ષેત્રમાં, શ્રમ અધિકારી અથવા કલ્યાણ અધિકારી અથવા ઔદ્યોગિક સંબંધ અધિકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે સાત વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે. ઉમેદવારે, આ નિયમોના એનેક્ષરમાં નિર્દિષ્ટ કરેલા હોય તેવા ઠરાવેલા નમૂનામાં અનુભવનું તેવું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ માં અને નિયમ ૬ માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ સુધારો નથી.

એનેક્ષર

(જુઓ નિયમ ૩ (ઘ) (૩))

પ્રમાણપત્ર

જેને સંબંધિત હોય તેને.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે.....ખાતે આવેલી છે અને કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ, રજિસ્ટ્રેશન નંબર.....થી નોંધાયેલ છે જે તારીખ:.....સુધી માન્ય છે.

શ્રી/કુમારી/શ્રીમતિ.....એ, તારીખ:.....થી..... સુધી/છેલ્લા.....વર્ષ (જોડાયાની તારીખ.....) સુધી અમારી કંપનીમાં શ્રમ અધિકારી અથવા કલ્યાણ અધિકારી અથવા ઔદ્યોગિક સંબંધ અધિકારી તરીકે કામ કર્યું છે/કામ કરે છે.

તારીખ:

સ્થળ:

સહી/-

કામે રાખનાર/માનવ સંસાધન વિભાગના વડા

* આ પ્રમાણપત્ર સંબંધિત કંપનીના યોગ્ય લેટરહેડ (નામ-સરનામા પત્ર) પર કાઢી આપવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગગુભા રાજ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.01 16:39:38 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar